આરબીઆઈ/2004-05/268
આર પી સી ડી.સી ઓ.આર એફ.બી સી 55/07.38.01/2004-05

1 નવેમ્બર, 2004

દરેક સ્ટેટ અને ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ સહકારી બેન્કો

સાહેબશ્રી,

**2004-05 ની એન્યુઅલ પોલિસી સ્ટેટમેન્ટને મિડટર્મ રિન્યૂ કરવા અને રિડકશન ઓફ ટેનર ઓફ ડોમેસ્ટિક / ઓર્ડિનરી નોન-રેસિડેન્ટ (એનઆરઓ) ટર્મ ડિપોઝીટ**

તા. એપ્રિલ 19, 2001 નો અમારો પરિપત્ર આર પી સી ડી.એન ઓ.આર એફ.ડી આઈ આર.બી સી.77/07.38.01/2000-01 નો ફકરાં 1(i) વાંચી જવા વિનંતી. હાલમાં બેન્ક રૂ. 15 લાખ કે તેથી વધુ રકમની ટર્મ ડિપોઝીટ ઓછામાં ઓછી 7 દિવસની અવધિ માટે સ્વીકારી શકે તેમ જ રૂ. 15 લાખથી ઓછી રકમની ડિપોઝીટ ઓછામાં ઓછી 15 દિવસની અવધિ માટે સ્વીકારી શકે.

2. આ સંદર્ભે અમે 2004-05 ના પર્ષના એન્યુઅલ પોલિસી સ્ટેટમેન્ટના મિડટર્મ રિન્યૂ માટે ફકરા 73 અને 74 અનુસાર આવકારીએ છીએ (નકલ બિડેલ છે) તેમાં દર્શાવ્યા મુજબ ઉપરની માર્ગદર્શિકામાં ફેર વિચારણા કરી નિર્ણ લેવાયો છે કેટેનર ઓફટર્મ ડિપોઝીટસમાં સમાનતા લાવવી. આ માટે બેન્ક રૂ. 15 લાખથી નીચેની ડોમેસ્ટિક / એન આર ઓ ટર્મ ડિપોઝીટસની લઘુત્તમ મર્યાદા ઘટાડીને 15 દિવસમાંથી 7 દિવસ કરી રહી છે. જોકે, બેન્કે રૂ. 15 લાખ અને તેનાથી વધુ રકમની ટર્મ ડિપોઝીટ પર અલગ વ્યાજનો દર આપવાની સત્તા ધરાવે છે. ફેર સુધારણામુકત સૂચના નવેમ્બર 1, 2004 થી અમલી બનશે.

3. અમારી રિજિયોનલ ઓફિસે રસીદ મોકલાવવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

(જી. શ્રીનિવાસન)
મૂખ્ય મહાપ્રબંધક

બિડાણ : ઉપર મુજબ

**<u>વ્યાજના દરની નીતિ</u>**

*(c) ટેનર ઓફ ડોમેસ્ટિક ટર્મ ડિપોઝીટમાં ઘટાડો*

73. હાલમાં જથ્થાબંધ ડોમેસ્ટિક ટર્મ ડિપોઝીટ (રૂ. 15 લાખ અને તેથી વધુ) માટેની લઘુત્તમ પાકતી સમય મર્યાદા 7 દિવસ છે, જે છૂટક ડોમેસ્ટિક ટર્મ ડિપોઝીટ (રૂ. 15 લાખની અંદર) માં 25 દિવસની છે. સમાનતા લાવવાના ઇરાદાને કારણે ટર્મ ડિપોઝીટમાં નીચે મુજબ જોગવાઈઓ છે. :

- બેન્ક છૂટક ડોમેસ્ટિક ટર્મ ડિપોઝીટ (રૂ. 15 લાખની અંદર માટેની પાકતી મર્યાદા 15 દિવસથી ઘટાડીને 7 દિવસની કરી શકે છે.

74. જથ્થાબંધ ડોમેસ્ટિક ટર્મ ડિપોઝીટ જેરૂ. 15 લાખ કે તેનાથી વધુ રકમની હોય તેમાં વ્યાજનો દર અલગ આપવાની સ્વાયત્તા બેન્કને છે.